સાધુસંસ્થા અને તીર્થસંસ્થા

તથા તેનો ઉપયોગ

જ્યાં ધાર્મિક આત્માઓનો કાંઇપણ સંબંધ રહ્યો હોય, અગર જ્યાં કુદરતી સુંદરતા હોય અથવા એ બેમાંથી એકે ન છતાં જ્યાં કોઇ પૈસાદારે પુષ્કળ નાણું ખરચી ઈમારતની, સ્થાપત્યની, મૂર્તિની કે એવી કાંઈ વિશેષતા આણી હોય ત્યાં ઘણે ભાગે તીર્થ ઉભાં થઇ જાય છે. ગામ અને શહેરો ઉપરાંત સમુદ્રતટ, નદીકાંઠો બીજા જળાશયો અને નાના મોટા પહાડો એ જ મોટે ભાગે તીર્થ તરીકે પ્રસિદ્ધ છે.

જૈન તીર્થો જળાશય પાસે નથી આવ્યાં એમ તો નથી જ. કેટલાંક સુંદર તીર્થો ગંગા જેવી મહતી નદીને કિનારે અને બીજાં જળાશયો પાસે આવેલાં છે. તેમ છતાં સ્થાનપરત્વે જૈન તીર્થોની ખાસ વિશેષતા પહાડોની પસંદગીમાં છે. પૂર્વ હિંદુસ્થાન કે પશ્ચિમ હિંદુસ્થાન, દક્ષિણ હિંદુસ્થાન કે ઉત્તર હિંદુસ્થાન જ્યાં જાઓ ત્યાં જૈનોનાં પ્રધાન તીર્થો ટેકરીઓ અને પહાડોની ઉપર જ આવેલાં છે. માત્ર શ્વેતાંબર સંપ્રદાય જ નહિ પણ દિગંબર સંપ્રદાય સુદ્ધાંની સ્થાનપરત્વે ખાસ પસંદગી પહાડોની જ છે. જ્યાં શ્વેતાંબરોને જરાપણ સંબંધ નથી, અવરજવર નથી એવાં કેટલાંક ખાસ દિગંબરોનાં તીર્થો દક્ષિણ હિંદુસ્તાનમાં છે, અને તે પણ પહાડી ભાગમાં આવેલાં છે. આ ઉપરથી એટલું જ ફલિત થાય છે કે તીર્થના પ્રાણભૂત સંતપુરુષોનું મન કેવાં કેવાં સ્થાનોમાં વધારે લાગતું, અને તેઓ કઈ જાતનાં સ્થાનો પસંદ કરતા. વળી ભક્તવર્ગ હો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કે મનુષ્યમાત્ર હો, તેમને એકાંત અને કુદરતી સુંદરતા કેવી ગમે છે એ પણ એ તીર્થસ્થાનોના વિકાસ ઉપરથી જાણી શકાય છે, ગમે તેટલું ભોગમય અને ધમાલી જીવન ગાળ્યા પછી પણ છેવટે અથવા વચ્ચે વચ્ચે ક્યારેક ક્યારેક માણસ આરામ અને આનંદ માટે ક્યાં અને કેવાં સ્થાન તરફ દૃષ્ટિ દોડાવે છે એ આપણે તીર્થસ્થાનોની પસંદગી ઉપરથી જાણી શકીએ છીએ.

તીર્થોનું બધું તેજ અને મહત્ત્વ એ આજે મૂર્તિપૂજા ઉપર અવલંબિત છે. કોઈ જમાનામાં અને તે પણ ક્યાંઈક ક્યાંઈક તીર્થસ્થાનમાં વિદ્યાની પ્રતિષ્ઠા, પ્રચાર અને વિદ્વાનોની કાયમી ગોષ્ઠી ભલે રહી હોય, પણ આજે તો કાશી જેવા એકાદ સ્થળને બાદ કરીએ તો તીર્થસ્થાનોમાં વિદ્યા અને વિચારને નામે લગભગ મીંડું જ છે. ખાસ કરીને આખા હિંદુસ્તાનમાં જૈન તીર્થ તો એવું એકે નથી કે જ્યાં વિદ્યાધામ હોય, વિદ્વાનોની પરિષદ હોય, વિચારકોની ગોષ્ઠી હોય, અને એમની ગંભીર પ્રાણપૂરક વિદ્યાના આકર્ષણથી જ ભક્તો અને વિદ્યારસિકો આકર્ષાઈ આવતા હોય. વધારેની આશા તો બાજુએ રહી પણ કોઈ એક તીર્થમાં એક પણ એવું જૈન વિદ્યાલય નથી, જૈન વિદ્યામઠ નથી કે એકાદ પણ એવો સમર્થ વિદ્યાજીવી વિદ્વાન નથી કે જેને લીધે ત્યાં યાત્રીઓ અને જિજ્ઞાસુઓ આકર્ષાઈ આવતા હોય, અને પોતાના વિવિધ પ્રશ્નોનું નિરાકરણ કરતા હોય. તીર્થોની પ્રાકૃતિક જડતા અને નૈસર્ગિક રમણીયતામાં કાં તો તપ અને કાં તો વિદ્યા અને કાં તો બન્ને ચેતના પૂરે છે જ્યારે, આજના આપણાં તીર્થોમાં તપ અને વિદ્યાને નામે શું છે તે તમે બધા જ જાણો છો મૂર્તિની માન્યતા અને પૂજા આ દેશમાં બહુ જ જૂનાં છે. દેવોની અને પ્રાણીઓની પૂજા પછી, મનુષ્યપૂજાએ ક્યારે સ્થાન લીધું એ ચોક્કસપણે કહેવું આજે કઠણ છે. છતાં ભગવાન મહાવીર અને બુદ્ધના તપસ્વીજીવન સાથે જ મનુષ્યપૂજા વિશેષ પ્રતિષ્ઠા પામી અને એ બે મહાનપુરુષોના

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંઘોના પ્રચારકાર્યના વિકાસની સાથે અને સાથે જ મનુષ્યપૂજા અને મૂર્તિપ્રચાર વિકાસ પામતાં ગયાં એ સાબીત કરવાને પૂરતાં સાધનો છે. ભગવાન મહાવીર અને બુદ્ધ પહેલાં પુરુષોત્તમ રામ અને કૃષ્ણની મૂર્તિપૂજા હતી કે નહિ અને હતી તો કેટલા પ્રમાણમાં અને કેવી તે આપણે નથી જાણતા. પણ જૈન અને બૌદ્ધસંઘની વ્યવસ્થિત સ્થાપના અને તેમના વ્યવસ્થિત પ્રચાર પછી રામ અને કૃષ્ણની પૂજા વધારે અને વધારે જ પ્રચારમાં આવતી ગઈ એ વિષે કશી જ શંકા નથી. જેમજેમ મહાવીર, બુદ્ધ, રામ અને કૃષ્ણ એ વિશિષ્ટ પુરુષો તરીકે પૂજાવા લાગ્યા તેમતેમ પક્ષીઓ દેવદાનવો અને કોમળ તેમજ ભયંકર પ્રકૃતિનાં પ્રાણીઓની પૂજા ઓછી અને ઓછી થતી ગઈ, તેમ છતાં હજી પણ એનાં અવશેષો તો છે જ.

તીર્થોના વિકાસમાં મૂર્તિપ્રચારનો વિકાસ છે અને મૂર્તિપ્રચારની સાથે જ મૂર્તિનિર્માણકળા અને સ્થાપત્યકળા સંકળાયલાં છે. આપણા દેશના સ્થાપત્યમાં જે વિશેષતાઓ છે, અને જે મોહકતાઓ છે તે તીર્થસ્થાનો અને મૂર્તિપૂજાને જ મુખ્યપણે આભારી છે. ભોગસ્થાનોમાં સ્થાપત્ય આવ્યું છે ખરું; તેનું મૂળ ધર્મસ્થાનો અને તીર્થસ્થાનોમાં જ છે.

જૈનોનાં તીર્થો એ કાંઈ બે પાંચ કે દશ નથી પણ સેંકડોની સંખ્યામાં અને તે પણ દેશના કોઈ એક જ ભાગમાં નહિ પરંતુ જ્યાં જાઓ ત્યાં ચારે તરફ મળી આવે છે. એ જ એક વખતના જૈનસમાજના વિસ્તારનો પૂરાવો છે. જૈનતીર્થોની ખાસ એક સંસ્થા જ છે, જો કે આજે દિગંબર અને શ્વેતાંબર એ બે ભાગમાં તે વ્હેંચાઈ ગઈ છે. એ સંસ્થાની પાછળ કેટલા માણસો કાયમને માટે રોકાયલા રહે છે, કેટલી બુદ્ધિ એની સારસંભાળમાં અને બીજી બાબતોમાં ખરચાય છે, અને એ તીર્થોની પાછળ કેટલું ધન વપરાય છે એનો પૂરો અને સાચો ખ્યાલ આપવા જેટલા આંકડા અત્યારે પાસે નથી છતાં અટકળથી ઓછામાં ઓછું કહેવું હોય તો એમ કહી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શકાય કે એ સંસ્થાની પાછળ પાંચ હજારથી ઓછા કાયમી માણ નહિ હોય, અને જુદીજુદી અનેક બાબતોમાં પચાસ લાખથી ઓ ખર્ચ થતો નહિ હોય. એ સંસ્થાની પાછળ કેટલીક જગે જમીનદારી છે, બીજી પણ સ્થાવર જંગમ મિલ્કત છે અને રો નાણું, સોનું, ચાંદી તેમ જ ઝવેરાત પણ છે. ધરમંદિરો ય તદ્દન ખાનગી માલિકીનાં મંદિરોને બાજુએ મૂકીએ તો પણ જે ઉપર નાના મોટા સંઘની માલીકી હોય, દેખરેખ હોય એ સંઘમાલિકીના મંદિરોના નાના મોટા ભંડારો હોય છે. એ ભંડારો નાણાનું ખાસું ભંડોળ હોય છે, જે દેવદ્રવ્ય કહેવાય છે. ફ શ્વેતાંબરસંઘની માલિકીનું દેવદ્રવ્ય અત્યારે ઓછામાં ઓછું એક કરો જેટલું તો આખા હિંદુસ્તાનમાં ધારવામાં આવે છે. એમાં શં નથી કે આ દેવદ્રવ્ય એકઠું કરવામાં તેની સારસંભાળ રાખવામ અને તે ભરખાઈ ન જાય તે માટે ચાંપતા ઈલાજો લેવામાં જૈનસ ખૂબ ચાતુરી અને ઈમાનદારી વાપરી છે. હિંદુસ્તાનમાંના બી કોઈપણ સંપ્રદાયના દેવદ્રવ્યમાં જૈનસંપ્રદાયના દેવદ્રવ્ય જેટલી ચોખ તમે ભાગ્યે જ જોશો. એ જ રીતે દેવદ્રવ્ય એના ઉદ્દેશ સિવાય બી ક્યાંઈ ખર્ચાય નહિ, વેડફાય નહિ, અને અંગત કોઈ એને પચા ન જાય એ માટે પણ જૈનસંઘે એક નૈતિક અને વ્યાવહારિક સું વાતાવરણ ઉભું કર્યું છે. જૈન બચ્ચો દેવદ્રવ્યની એક પણ કો પોતાનાથી બને ત્યાંસુધી, પોતાના અંગત ભોગમાં વાપરવા કદી રા કે તૈયાર હોતો નથી. એમ કરતાં એ, સંસ્કારથી જ બહુ ડરે અને કાંઈક સામાજિક બંધારણ પણ એવું છે કે કોઈએ દેવદ્રવ્ય પચા એમ જાણ થતાં જ એની પાછળ સંઘ અથવા સાધુઓ પડે અને એ વ્યક્તિને જવાબ દેવો ભારે થઈ પડે છે. દેવદ્રવ્ય હડપ જવાના કિસ્સા મળી આવે ખરા પણ તે ન છુટકે જ. અથવા જ્ય હાથમાં કાંઈપણ બાજી ન રહી હોય ત્યારે જ.

તીર્થસંસ્થા સાથે મૂર્તિનો, મંદિરનો, ભંડારનો અને નીકળવાનો, એમ ચાર ભારે મનોરંજક અને મહત્ત્વના ઈતિહાસો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લાકડાં, ધાતુ અને પત્થરે મૂર્તિ અને મંદિરોમાં, કેવી કેવી રીતે, ક્યા ક્યા જમાનામાં, કેવો કેવો ભાગ ભજવ્યો, એક પછી બીજી વ્યવસ્થા કેવી કેવી રીતે આવતી ગઈ, ભંડારોમાં અવ્યવસ્થા અને ગરબડ કેવી રીતે આવ્યાં, અને તેની જગોએ પાછી વ્યવસ્થા અને નિયંત્રણ કેવી રીતે શરુ થયાં, નજીકનાં અને દૂરનાં તીર્થોમાં હજારો અને લાખો માણસોના સંઘો યાત્રાએ કેવી રીતે જતા અને એની સાથે એ શું શું કામો કરતા એ બધો ઈતિહાસ ભારે જાણવાજેવો હોવા છતાં આપણી આજની મર્યાદાની બહાર છે.

ત્યાગ, શાંતિ અને વિવેક કેળવવાની પ્રેરણામાંથી જ આપણે તીર્થો ઉભાં કર્યાં છે. અને ત્યાં જવાનો તથા તેના પાછળ શક્તિ, સંપત્તિ અને સમય ખર્ચવાનો આપણો ઉદ્દેશ પણ એ જ છે. તેમ છતાં આજે આપણે તીર્થસંસ્થાદ્વારા એ ઉદ્દેશ કેટલો સિદ્ધ કરીએ છીએ, એ તમે જ વિચારો. શ્વેતાંબર, દિગંબર બન્ને ફીરકાઓને આજે પોતાનું પરાક્રમ બતાવવાનું અને કુસ્તી ખેલવાનું એક માત્ર ધામ તીર્થો જ રહ્યાં છે. એમનો મઝિયારો બીજી કોઈ બાબતમાં હવે રહ્યો નથી અને જે કાંઈ રહ્યો હોય અથવા મઝિયારો ન હોવા છતાં, મઝિયારાપણાનો ફાંસો ઉભો કરતા હોય તો તે માત્ર તીર્થોમાં જ છે. પ્રસિદ્ધ એવું એકે તીર્થ નથી કે જ્યાં બન્ને પક્ષનો ઝઘડો ન હોય, અને જેને માટે કોર્ટે ન જતા હોય. મારે જરા પણ તરફદારી કર્યા સિવાય અને કોઈ પક્ષપાતનો આરોપ મૂકે તો તેનું જોખમ ખેડીને પણ સ્પષ્ટ અને છતાં નમ્રપણે કહેવું જોઈએ કે જ્યાં જ્યાં માત્ર દિગંબરોનું આધિપત્ય પહેલાં હતું અથવા હજી છે ત્યાં એકે સ્થળે શ્વેતાંબરો મઝિયારો કરવા ગયા નથી, જ્યારે દુઃખની વાત એ છે કે દિગંબરો એટલી તટસ્થતા સાચવી શકતા નથી. માત્ર શ્વેતાંબરોનું આધિપત્ય પહેલાં હતું અને હજી પણ છે, એવાં તીર્થો સુદ્ધાંમાં તેઓ જાણે ધર્મની ભારે પ્રભાવના કરતા હોય તેમ દખલગીરી કરવા જાય છે અને પરિણામે ઝઘડા થાય છે. ક્યારેક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એક તો ક્યારેક બીજો પક્ષ જિતે છે. જિતનો આધાર પૈસા લડનારાઓની કુશળતા ઉપર જ છે, સત્ય ઉપર નથી. વળી એ મુદ્દાપરત્વે એક પક્ષ આજે તો બીજો પક્ષ કાલે જિત મેળ અને પોતાની જિતમાં થાય તે કરતાં સામાની હારમાં તેમને ખુશાલી ઉપજે છે. બન્ને સંપ્રદાયના અનુયાયીઓના મનમાં સંસ્કારો પડ્યા છે અને પોષાય છે કે જ્યારે કોઈપણ એક તી તકરારનો ફેંસલો પોતાની વિરુદ્ધ થયો છે એમ સાંભળતા વે પોતાની અંગત મિલ્કત જવાના દુઃખ કરતાં પણ વધારે દુઃખ આઘાત લોકો અનુભવે છે. અને એ દુઃખ અને આઘાતમાંથી ફરી લડવા લોકો લલચાય છે, નાણાં ભરે છે અને બુદ્ધિ ખર્ચે આ રીતે એકબીજાની વારાફરતી હારજિતનાં ચક્રો સતત ચાલ્યા છે અને એમાં બુદ્ધિ, ધન અને સમય ત્રણે નિરર્થક દળાઈ જાય એ દળણ—આટાનો ફાયદો બેમાંથી એકેને ભાગે નથી આવતો. પૂરો ફાયદો એ ચક્કી ચલાવનાર આજનું રાજતંત્ર ઉઠાવે છે.

શકો અને હૂણોના પછી મુસલમાનો આવ્યા, તેમણે જૈનમ અને મંદિરો ઉપર હથોડા ચલાવ્યા, એમાંથી બચવા આપણે ફરમ પણ મેળવ્યાં અને કયાંઈક કયાંઈક પરાક્રમો પણ કર્યાં. આજ આ માનીએ છીએ કે આપણાં તીર્થો અને મંદિરો સુરક્ષિત છે. સાચે ઉપરથી જોનારને એમ લાગે પણ ખરું કારણ કે અત્યારે કે આપણાં મંદિરો કે મૂર્તિઓ સામે આંગળી ઉઠાવતાં પણ વિર કરે છે. તેમ છતાં જરાક ઉંડા ઉતરીને જોઈએ તો આપણ લાગશે કે આપણાં તીર્થો આજે જેવા ભયમાં છે તેવા ભયમાં પહે કદી નહોતાં. કોઈ ગિઝની, કોઈ અલાઉદ્દીન કે કાંઈ ઔરંગઝે આવતો તો તે કાંઈ ચારે ખૂણે ફરી નહોતો વળતો અને જ પહોંચતો ત્યાં પણ કાંઈ ત્રણસો સાઠ દિવસ કુહાડાઓ નહો ચલાવતો. વળી જે કુહાડા અને હથોડાઓ ચાલતા તેનું દેખ પરિણામ એવું આવતું કે આપણે પાછા એ મૂર્તિ અને મંદિરો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દી સમરાવી લેતા અને ફરી એવા આઘાતોથી બચવા કળ અને વાપરતા; જ્યારે આ રાજતંત્ર આવ્યા પછી અને આપણી ર્મિક સ્વતંત્રતા સચવાવાનાં વચનોની વારંવાર રાજ્યકર્તાઓ ફથી ઘોષણા થયા પછી, આપણે એમ માનતા થઈ ગયા છીએ હવે તો કોઈ મૂર્તિ કે મંદિર તરફ હાથ ઉગામતું નથી. એક એ શાંતિ રાજ્યકર્તાઓએ આપણને અર્પી એ બદલ થોડો નો આભાર માનીએ, પણ બીજી રીતે એમણે રાજ્યતંત્રની વણ જ એવી કરી છે કે તમે પોતાની મેળાએ જ પોતાનાં મૂર્તિ મંદિરો પર હથોડાઓ ઠોકો, કુહાડાઓ મારો અને માથાં પણ . બહારનો કોઇ તીર્થભંજક ન આવે એવી વ્યવસ્થા તો ાર તમારી ધાર્મિક સ્વતંત્રતા સાચવવા ખાતર કરે જ છે. પણ પોતે જ પોતાના તીર્થભંજક થાઓ અને ઘરબારથી પણ બાદ થાઓ ત્યારે તમારી વચ્ચે પડી તમારી થતી બરબાદી કાવવામાં સરકાર, ધાર્મિક સ્વતંત્રતામાં ડખલગીરી માને છે. એણે તંત્ર ઉભું કર્યું છે કે તમે પોતે જ રાત અને દિવસ એક નાં મૂર્તિ અને મંદિરો તોડ્યા કરો અને કહ્યા કરો કે આ તંત્રમાં અમારી ધાર્મિક સ્વતંત્રતા સલામત છે. સીધી રીતે અમલદાર કે કાયદો તમને નથી કહેતો કે તમે તમારાં જ રો ઉપર હથોડા મારો, પણ એ ધાર્મિક સ્વતંત્રતાનાં રાજકીય ની મોહની જ એવી છે કે તમે હંમેશાં એકબીજાનાં મૂર્તિ મંદિરો તોડ્યા કરો અને અંદરોઅંદર લડયા કરો. ક્યારેક થી હરખાઈ અને ક્યારેક હારથી નાખુશ થઈ હંમેશાં તમે ને તૈયાર રહો એ આજની રાજનીતિ છે. આ રાજનીતિને ન વાથી જ આપણે પ્રીવીકૌંસીલ સુધી દોડીએ છીએ અને જાણે યેલા ગણાતા સાંપ્રદાયિક વકીલોને એ સિવાય બીજું કામ જ ય અથવા એ સિવાય એક કાર્યમાં તેમને આસ્તિકતાની છાપ મળવાની હોય, તેમ તેઓ આ દેશમાં અને વિલાયતમાં તીર્થોની

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લડાઈમાં પોતાની બધી જ શક્તિ ખર્ચી રહ્યા છે. આપણા દેશ સૌથી મોટો સત્યનો ઉપાસક પેદા થયો છે એમ તે વકીલો અ આગેવાન પૈસાદારો માને છે. છતાં તકરારનો ચુકાદો એમને મ એમને હાથે કરતાં બીજા કોઈને હાથે વધારે સારો થવાનો સંભ દેખાય છે. આપણી અપાર મૂર્ખતાએ હજી આજના રાજતંત્ર સ્વરૂપ આપણી સામે આવવા નથી દીધું. પણ છેલ્લાં ત્રીશ વર્ષ તીર્થોની હારજિતનો ઈતિહાસ જો આપણે વાંચીએ અને અત્યા ક્યાં ક્યાં અને કેવી કેવી રીતે આવા ઝઘડાઓ ચાલે છે, તે કો ચલાવે છે, કેમ પોષાય છે, અને એના મૂળ વાંધાઓ શા છે જો જાણીએ તો આપણને આપણી મૂર્ખતાના ભાન ઉપરાંત મૂર્ખતાનું પોષણ કરનાર, અને છતાં ધાર્મિક સ્વતંત્રતાનો આપનાર રાજતંત્રની નીતિનું ભાન પણ થાય. પરંતુ આપણામાં કોઈ આ દૃષ્ટિએ આ વસ્તુ વિચારતા જ નથી. ખરી વાત તો છે કે જુની મુસલમાનોના રાજ્યકાળ દરમ્યાન તેમને હાથે થયે નુકસાન કરતાં, આ રાજ્યકાળ દરમ્યાન આપણે, આપણે હાથે તીર્થરક્ષા નિમિત્તે તીર્થનો અને તેના ઉદ્દેશનો વધારે ધ્વંસ કર્યો છે અને હજુ આ રાજતંત્રને ધાર્મિક સલામતીવાળું માની વધારે અ વધારે એ નાશ કર્યે જ જઈએ છીએ. આ બધા ઉપરથી જે ફલિ થાય છે તે એ છે કે અત્યારે જ આપણાં તીર્થો વધારે જોખમમાં છે

આ તો બરબાદીની વાત થઈ, પણ આ તીર્થસંસ્થા મારફ આપણે કેટલું વધારે ઉપયોગી કામ કરી શકીએ તેમ છે એ પ જાણવું જોઈએ. ભકિત અને આર્થિક ઉદારતા ઉપર જ તીર્થસંસ્થ નભે છે. સમાજને વિદ્યા, હુન્નર, ઉદ્યોગ અને બીજાં તે જ્ઞાનોની જરુર અનિવાર્ય છે. કોઈ પણ જમાનામાં જૈન તી નાલંદાના કે વિક્રમશીલાના વિદ્યાલયની સુગંધ નથી અનુભવી. અત્યા તો બીજે કોઈ પણ સ્થળે નભી શકે તે કરતાં વધારે સહેલાઈ કેટલાંક તીર્થસ્થાનોમાં વિદ્યાલયો સારી રીતે નભી શકે. કેટલ આબુ જેવાં પ્રકૃતિ રમણીય જૈન તીર્થ છે કે જ્યાં અંગ્રેજો અ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બીજા લોકો વિદ્યા મેળવવા સાથે ત્યાંના સુંદર વાતાવરણનો ફાયદો ઉઠાવી રહ્યા છે, ત્યારે જૈનોને એ વાત સૂઝતી જ નથી. તેઓ ત્યાં જાય છે ત્યારે ખુશ થાય છે. જગ્યાની, એકાંતની, હવાપાણીની વાહવાહ કરે છે. બીજાનાં વિદ્યાધામો જોઈ રાજી થાય છે અને પોતાને માટે કાંઈ કરવાનું એમને સૂઝતું જ નથી. જૈનો કાશીમાં યાત્રાર્થે જાય છે પણ કોઇને ત્યાંની વિદ્યાગોષ્ઠીની ખબર નથી, વિદ્વાનોની જાણ નથી, એ જાણવાની તેમને ઇચ્છા જ થતી નથી. ત્યાંનાં વિદ્યાધામો કેવાં અને કેટલાં છે એ જાણવાનું એમને મન જ નથી કારણકે એમણે પોતાનાં કોઈ પણ તીર્થસ્થાનમાં વિદ્યા અને વિદ્વાનો હોવાની સુગંધ લીધી જ નથી. એમને કલ્પના એક જ છે અને તે એકે તીર્થસ્થાનોમાં મંદિરો અને મૂર્તિઓ સિવાય બીજું શું હોય, બીજું હોવાની શું જરુર છે? પરંતુ સમાજની વિદ્યાની જરુરિયાત આ તીર્થસંસ્થારક્ષક ભક્તિ અને ઉદારતા જેવાં બળો દ્વારા સધાવી જ જોઇએ. અને જો વિશિષ્ટ વિશિષ્ટ તીર્થોમાં ખાસાં વિદ્યાલયો ચાલતાં હોય, તેમાં બન્ને સંપ્રદાયના હજારો બાળકો ભણતા હોય, વિદ્યા અને દેશની સ્વતંત્રતાનો પ્રબળ આદર્શ તેમની સામે હોય તો સમાજને આ તકરાર પાછળ બળ ખર્ચવાની બહુ જ થોડી ફુરસદ રહે. જ્યાં સુધી સુંદર અને ઉપયોગી આદર્શ સામે નથી હોતો ત્યાં સુધી માણસ પોતાનું બળ આડે રસ્તે વેડફે છે. આજનો દેશધર્મ આપણને બે વાત શિખવે છે એક તો આ રાજતંત્રના માયાવી રૂપના ભોગ બની પોતાને જ હાથે પોતાનાં મૂર્તિ અને અને મંદિરોનો નાશ ન કરો; અને બીજી વાત એ છે કે તમારામાં ભક્તિ અને ઉદારતા હોય તો તીર્થોને સાચવી તે મારફત તમે વિદ્યા અને કળાથી સમૃદ્ધ બનો, વધારે શીખો.

આપણે તીર્થની લડાઈમાં જિતનાર પક્ષ માની લઇએ છીએ કે અમે તીર્થ સાચવ્યું, ધર્મ બજાવ્યો. બીજીવાર બીજો પક્ષ તેમ માને છે, પણ બન્ને પક્ષ એ ભૂલી જાય છે કે તેઓ શરીરનાં હાથ પગ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જેવાં અંગોને જ સાચવવા પ્રાણ પાથરે છે, અને તેમાંથી ઊડી તાજ આત્માને બચાવવા કોઇ જરા પણ જહેમત નથી ઉઠાવતું. એટલું જ નહિ પણ તેમનો આ હાથપગને બચાવવાનો પ્રયત્ન જ ઉલટો શરીરમાંથી આત્માને ઉડાડી રહ્યો છે. જૈન તીર્થનો આત્મા અહિંસા અને શાંતિ છે. લડાઇ મારફત આપણે એક પક્ષે જિત મેળવી એટલે તેણે હાથ બચાવ્યો, બીજાએ જિત મેળવી એટલે તેણે પગ બચાવ્યો; પણ બંનેએ હાથપગ બચાવવા જતાં તીર્થમાંથી આત્મા ઉડાડી દીધો, કારણ કે હમણાં હમણાંની તાજી તીર્થની લડાઈઓ તમને કહે છે કે તે નિમિત્તે મનુષ્યહત્યા સુદ્ધાં કરી ચૂક્યા છો, અથવા તે હત્યા થવામાં નિમિત્ત થયા છો. જો આ આત્મા જ ન હોય અને છિન્નભિન્ન અંગવાળું માત્ર કલેવર જ હોય તો હવે એ માટે શું કરવું અને શું ન કરવું એ કહેવાની જુદી જરુર રહેતી નથી.

જાણીને જ સાધુસંસ્થાની ચર્ચા પાછળથી કરું છું. આજની સાધુસંસ્થા એ ભગવાન મહાવીરને આભારી છે. પણ એ સંસ્થા તો એથીયે જૂની છે. ભગવતી જેવા આગમોમાં અને બીજા જૂના ગ્રંથોમાં પાર્શ્વાપત્ય એટલે પાર્શ્વનાથના શિષ્યોની વાતો આવે છે. તેમાંના કેટલાક ભગવાન મહાવીર પાસે જતાં ખચકાય છે, કેટલાક તેમને ધર્મવિરોધી સમજી પજવે છે, કેટલાક ભગવાનને હરાવવા કે તેમની પરીક્ષા કરવા ખાતર તરેહ તરેહના પ્રશ્નો કરે છે. પણ છેવટે એ પાર્શ્વાપત્યની પરંપરા ભગવાન મહાવીરની શિષ્ય-પરંપરામાં કાંતો સમાઈ જાય છે અને કાંતો તેમાંનો કેટલોક સડેલો ભાગ આપોઆપ ખરી જાય છે. અને એકંદર પાછો ભગવાનનો સાધુસંઘ નવે રૂપે જ ઉભો થાય છે, અને તે એક સંસ્થાના રૂપમાં ગોઠવાઈ જાય છે. તેના રહેણી કહેણીના, અરસપરસના વહેવારના અને કર્તવ્યોના નિયમો ઘડાય છે. એ નિયમના પાલન માટે અને એમાં કોઇ ભંગ કરે તો એને શાસન

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કરવા માટે સુવ્યવસ્થિત રાજતંત્રની પેઠે એ સાધુસંસ્થાના તંત્રમાં નિયમો ઘડાય છે. નાના મોટા અધિકારીઓ નિમાય છે. એ બધાનાં કામોની મર્યાદા અંકાય છે. સંઘસ્થવિર, ગચ્છસ્થવિર, આચાર્ય, ઉપાચાર્ય, ઉપાધ્યાય, પ્રવર્તક, ગણી વગેરેની મર્યાદાઓ અરસપરસના વ્યવહારો, કામના વિભાગો, એક બીજાની તકરારના ફેંસલાઓ, એકબીજા ગચ્છની અંદર કે એક બીજા ગુરુની પાસે જવા આવવાના, શિખવાના, આહાર વગેરેના નિયમોનું જે વર્ણન છેદસૂત્રોમાં મળે છે, તે જોઈ સાધુસંસ્થાના બંધારણ પરત્વેના આચાર્યોના ડહાપણ વિષે અને દીર્ઘદર્શિતા વિષે માન ઉત્પન્ન થયા વિના રહેતું નથી. એટલું જ નહિ પણ આજ કોઈ પણ મહતી સંસ્થાને પોતાનું બંધારણ બાંધવા અથવા વિશાળ કરવા માટે એ સાધુસંસ્થાના બંધારણનો અભ્યાસ બહુ જ મદદગાર થઈ પડે તેમ મને સ્પષ્ટ લાગ્યું છે.

આ દેશના ચારે ખુણામાં સાધુસંસ્થા ફેલાઇ ગઈ હતી. ભગવાનના અસ્તિત્વ દરમ્યાન ચૌદ હજાર ભિક્ષુ અને છત્રીશ હજાર ભિક્ષુણીઓ હોવાનું કથન છે. તેમના નિર્વાણ પછી એ સાધુસંસ્થામાં કેટલો ઉમેરો થયો કે કેટલો ઘટાડો થયો તેની ચોક્કસ વિગત આપણી પાસે નથી. છતાં એમ લાગે છે કે ભગવાન પછીની અમુક સદીઓ સુધી તો એ સંસ્થામાં ઘટાડો નહોતો જ થયો—કદાચ વધારો થયો હશે. સાધુસંસ્થામાં સ્ત્રીઓને સ્થાન કાંઈ ભગવાન મહાવીરે જ પહેલાં નથી આપ્યું. તેમના પહેલાંએ ભિક્ષુણીઓ જૈન સાધુસંઘમાં હતી, અને બીજા પરિવ્રાજક પંથોમાં પણ સ્ત્રીઓ હતી, છતાં એટલું તો ખરું જ કે ભગવાન મહાવીરે પોતાના સાધુસંઘમાં સ્ત્રીઓને ખૂબ અવકાશ આપ્યો અને એની વ્યવસ્થા વધારે મજબુત કરી. એનું પરિણામ બૌદ્ધ સાધુસંઘ ઉપર પણ થયું. બુદ્ધ ભગવાન સાધુસંઘમાં સ્ત્રીઓને સ્થાન આપવા ઈચ્છતા ન હતા, પણ તેમને છેવટે સાધુસંઘમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

એમને સ્થાન આપવું પડ્યું. આ તેમના પરિવર્તનમાં જૈન સાધુ સંસ્થાની કાંઇક અસર અવશ્ય છે એમ વિચાર કરતાં લાગે છે.

સાધુસંસ્થા મૂળમાં હતી તો એક, પણ પછી અનેક કારણે વહેંચાતી ગઇ. શરૂઆતમાં દિગંબર અને શ્વેતાંબર એવા બે મુખ્ય ભેદ પડયા. અને દરેક ભેદની અંદર બીજા અનેક નાના મોટા ફાંટા પડતા જ ચાલ્યા. જેમ જેમ જૈન સમાજ વધતો ગયો, ચોમેર દેશમાં તેનો વિસ્તાર થતો ગયો, અને નવનવી જાતો તથા લોકો તેમાં દાખલ થતા ગયા, તેમ તેમ સાધુસંસ્થા પણ વિસ્તરતી ગઇ અને ચોમેર ફાલતી ગઈ. એ સંસ્થામાં જેમ અસાધારણ ત્યાગી અને અભ્યાસી થયા છે, તેમ હંમેશાં ઓછોવત્તો શિથિલાચારીનો વર્ગ પણ થતો આવ્યો છે. પાસથ્થા, કુસીલ, જહાચ્છંદ વગેરેનાં જે અતિજૂનાં વર્ણનો છે તે સાધુસંસ્થામાં શિથિલાચારી વર્ગ હોવાનો પૂરાવો છે. કયારેક એકરૂપમાં તો કયારેક બીજારૂપમાં, પણ હંમેશાં આચારવિચારમાં મોળો અને ધ્યેયશૂન્ય શિથિલ વર્ગ પણ સાધુસંસ્થામાં થતો જ આવ્યો છે. જ્યારે જ્યારે શિથિલતા વધી ત્યારે ત્યારે વળી કોઈ તેજસ્વી આત્માએ પોતાના જીવનદ્વારા એમાં સુધારો પણ કર્યો છે. ચૈત્યવાસિઓ થયા અને તેમનું સ્થાન ગયું પણ ખરું. વળી જતીઓ જોરમાં આવ્યા અને આજે તેઓ નામશેષ જેવા છે. જે એકવારના સુધારકો અને જ્ઞાન, ત્યાગ તેમજ કર્તવ્ય દ્વારા સાધુસંસ્થાને જીવિત રાખનારા, તેનાજ વંશજો બેચાર પેઢીમાં પાછા સ્ખલનાઓ કરનારા થાય અને વળી કોઈ એ સ્ખલનાઓ સામે માથું ઉંચકનાર આવી ઉભો રહે. આ બગાડાસુધારાનું ધ્રુવચક્ર જેમ બીજી સંસ્થાઓમાં. તેમ સાધુસંસ્થામાં પણ પહેલેથી આજ સુધી ચાલ્યું આવ્યું છે. એનો જુદો ઈતિહાસ તારવવો હોય તો તે જૈન સાહિત્યમાંથી પ્રમાણપૂર્વક તારવી શકાય તેમ છે.

સાધુ એટલે સાધક. સાધક એટલે અમુક ધ્યેયની સિદ્ધિ માટે સાધના કરનાર તે ધ્યેયનો ઉમેદવાર. જૈન સાધુઓનું ધ્યેય મુખ્યપણે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

તો જીવનશુદ્ધિ જ નક્કી કરવામાં આવેલું છે. જીવનને શુદ્ધ કરવું એટલે તેનાં બંધનો, તેનાં મળો, તેના વિક્ષેપો અને તેની સંકુચિતતાઓ ટાળવી. ભગવાને પોતાના જીવન મારફત સમજદારને એવો પદાર્થપાઠ શીખવ્યો છે કે જ્યાં સુધી પોતે પોતાનું જીવન અંતર્મુખ થઈ તપાસી ન લે, શોધી ન લે, પોતે વિચાર અને વર્તનમાં સ્થિર ન થાય, પોતે પોતાના ધ્યેયપરત્વે સ્પષ્ટ ભાન ન કરે ત્યાં સુધી તે બીજાને શી રીતે દોરી શકે? ખાસ કરી આધ્યાત્મિક જીવન જેવી મહત્ત્વની બાબતમાં જો કોઈની દોરવણી કરવાની હોય તો તે પહેલાં, એટલે કે બીજાના ઉપદેશક અથવા ગુરુ થયા પહેલાં, પોતાની જાતને એ બાબતમાં ખૂબ તૈયાર કરી લેવી જોઈએ. એ તૈયારીનો સમય એ જ સાધનાનો સમય. આવી સાધના માટે એકાંત જગ્યા, સ્નેહીઓ અને બીજા લોકોથી અલગપણું, કોઈપણ સામાજિક કે બીજી ખટપટમાં માથું ન મારવાપણું, અમુક પ્રકારના ખાનપાનના અને રહેણીકહેણીના નિયમો એ બધું યોજાયેલું હતું. જેમ કોઇ ખરા વિદ્યાર્થીને પોતાના ઉંડા અભ્યાસની સિદ્ધિ માટે ખાસ સ્થાનની, એકાંતની, કુટુંબ અને સગા સંબંધીઓના ત્યાગની, અને બીજી કેટલીક સગવડોની જરુર રહે છે, તેમ આધ્યાત્મિક જીવનની સાધનાના વિદ્યાર્થી જૈન સાધુને માટે પણ છે. પરંતુ જેમ આજે ઉંમર થયા પહેલાં અને બાપ કે મા બનવાની જવાબદારી સમજ્યા પહેલાં, છોકરાઓ અને કન્યાઓ બાપ કે મા બની જાય છે, તેમ સાધુસંસ્થામાં પણ બનવા લાગ્યું. પોતાના જીવનની ઉંડી વિચારણા કર્યા વિના કે, પાકી સ્થિરતા આણ્યા વિના જ મોટે ભાગે સાધુ વર્ગ ઉપદેશકના કામમાં પડી ગયો. એનું પરિણામ સમાજની દૃષ્ટિએ ગમે તે આવ્યું હોય, પણ એકંદર રીતે એથી સાધુસંસ્થાને તો નુકસાન જ થયું છે. જે સગવડો અને જે નિવૃત્તિનાં વિધાનો જીવનની સાધના માટે કરવામાં આવ્યાં હતાં એ સાધના ઉડી જતાં કે ખસી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જતાં, અથવા તો અકાળે ગુરુપદ લેવામાં આવતાં એ સગવડો અને એ નિવૃત્તિનાં સાધનો તો જેમને તેમ સાધુસંસ્થા માટે ઉભાં રહ્યાં, ઉલટું ઘણીવાર તો એ સગવડો અને એ નિવૃત્તિનાં વિધાનોમાં વધારો પણ થયો, અને બીજી બાજુથી મૂળ લક્ષ જે જીવનની સાધના તે કાંતો તદ્દન બાજુએ જ રહી ગયું અથવા કાંતો તદ્દન ગૌણ થઈ ગયું. એ જ સબબ છે કે આપણે જૈન જેવા ત્યાગપ્રધાન સાધુસંઘના ઇતિહાસમાં ગૃહસ્થો કે રાજાઓને શોભે તેવાં સાધનો, સગવડો અને ભપકાઓ સાધુઓની આસપાસ વીંટળાયલા જોઇએ છીએ. મૂળમાં તો રાજાઓને ખજાનો એટલા માટે સોંપાયલો કે તેઓ પોતાના ક્ષત્રિયોચિત પરાક્રમથી બીજા બધા કરતાં તેને વધારે સારી રીતે સાચવે. લશ્કર એટલા માટે સોંપયલું કે તેઓ તેને પોતાના તેજથી કાબુમાં રાખે, અને જરુર પડે ત્યારે એ ખજાના અને લશ્કરનો ઉપયોગ માત્ર પ્રજાકલ્યાણમાં કરે. જો રાજા શાંતિના વખતમાં વધારે સુરક્ષિત રહે અને બળસંપન્ન રહે, તો આફત વખતે વધારે કામ આપે એટલા માટે ટાઢ તડકાથી બચાવવા છત્રચામરની યોજના થયેલી. પણ જ્યારે વારસામાં વગર મહેનતે રાજ્ય મળવા લાગ્યાં, કોઈ પુછનાર ન રહ્યું, ત્યારે એ રાજાઓ લશ્કર, ખજાનો, છત્રચામર વગેરેને પોતાનું જ માનવા લાગ્યા, અને પોતાના અંગત સાધન તરીકે એનો ઉપયોગ કરવા મંડયા. એટલું જ નહિ પણ પોતાની આડે કોઈ આવે, તો એ સાધનનો ઉપયોગ તેઓ પ્રજા સામે પણ કરવા લાગ્યા, અને પોતાનું પ્રજાપાલનનું ધ્યેય બાજુએ રહી ગયું, અને તેના પાલન માટે સોંપવામાં આવેલ સગવડોના ભોગમાં જ પડી ગયા. જે વસ્તુ રાજાઓ માટે સાચી છે-મનુષ્યસ્વભાવના ઇતિહાસ પ્રમાણે એ જ વસ્તુ સાધુસંસ્થા માટે પણ સાચી જ છે. જીવનની સાધનાનું ધ્યેય સરી પડતાં તે માટે યોજાયેલી સગવડો અને ઘડેલાં વિધાનો જ તેમના હાથમાં રહ્યા, અને એ સગવડોના ભોગમાં અને એ વિધાનોના આચરણમાં જ તેમને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સાધુપણું સમજાયું. બીજાઓ પણ તેમ સમજવા લાગ્યા અને સાધુઓ પણ લોકોને એમ જ જાણેઅજાણે સમજાવતા ગયા.

પરંતુ એ ઉપરથી કોઈ એમ ન ધારે કે સાધુસંસ્થા આખી જ સગવડભોગી અને તદ્દન જડ બની ગઇ હતી. એ સંસ્થામાં એવા અસાધારણ પુરુષો પણ પાકયા છે કે જેમની અંતર્દષ્ટિ અને સૂક્ષ્મ વિચારણા કાયમ હતી. કેટલાક એવા પણ થઈ ગયા છે કે જેમની બહિર્દષ્ટિ તો હતી છતાં આંતર્દષ્ટિ પણ ચૂકાઈ ન હતી. કેટલાક એવા પણ થઈ ગયા છે કે જેમનામાં અંતર્દષ્ટિ નહિવત્ અથવા તદ્દન ગૌણ થઇ હતી અને બહિર્દષ્ટિ જ મુખ્ય થઈ ગઈ હતી. ગમે તેમ હો છતા એક બાજુ સમાજ અને કુળધર્મ તરીકે જૈનપણાનો વિસ્તાર થતો ગયો અને એ સમાજમાંથી જ સાધુઓ થઈ સંસ્થામાં દાખલ થતા ગયા. અને બીજી બાજુ સાધુઓનું વસતિસ્થાન પણ ધીરે ધીરે બદલાતું ચાલ્યું. જંગલો, ટેકરીઓ, શહેરની બહારના ભાગોમાંથી સાધુગણ લોકવસતિમાં આવતો ગયો. સાધુસંસ્થાએ જનસમુદાયમાં સ્થાન લઈ અનિચ્છાએ લોકસંસર્ગજનિત કેટલાક દોષો સ્વીકાર્યા હોય, તો તેની સાથે જ સાથે તે સંસ્થાએ લોકોમાં કેટલાક પોતાના ખાસ ગુણો પણ દાખલ કર્યા છે, અને તેમ કરવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે. જે કેટલાક ત્યાગીઓ માત્ર અંતર્દષ્ટિવાળા હતા અને જેમણે પોતાના જીવનમાં આધ્યાત્મિક શાંતિ સાધી હતી એવાઓના શુભ અને શુદ્ધ કૃત્યની નોંધ તો એમની સાથે જ ગઈ, કારણ કે એમને પોતાના જીવનની યાદી બીજાઓને સોંપવાની કશી પડી જ ન હતી. પણ જેઓએ અંતર્દષ્ટિ હોવા છતાં કે ન હોવા છતાં, અગર ઓછીવત્તી હોવા છતાં લોકકાર્યમાં પોતાના પ્રયત્નનો ફાળો આપેલો હતો તેની નોંધ તો આપણી સામે વજ્રલિપિમાં લખાયલી છે. એકવારના ધરોધર, માંસભોજી અને મદ્યપાઇ જનસમાજમાં, જે માંસ અને મદ્ય તરફની અરુચિ અથવા તેના સેવનમાં અધર્મ બુદ્ધિ ઉત્પન્ન થઈ છે, તેનું શ્રેય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કાંઈ સાધુસંસ્થાને ભાગે ઓછું નથી. લોકમાન્ય તિલકે કહેલું 'ગૂજરાતની જનપ્રકૃતિની અહિંસા એ જૈન ધર્મને આભારી છે, અને આપણે જાણવું જોઈએ કે જૈન ધર્મ એ સાધુસંસ્થાને આભારી છે. સાધુસંસ્થાનું રાતદિવસ એક કામ તો ચાલ્યા જ કરતું કે તેઓ જ્યાં જાય ત્યાં સાત વ્યસનના ત્યાગનો શબ્દથી અને જીવનથી પદાર્થપાઠ શિખવે. માંસનો તિરસ્કાર, દારૂની ઘૃણા અને વ્યભિચારની અપ્રતિષ્ઠા તેમજ બ્રહ્મચર્યનું બહુમાન; આટલું વાતાવરણ લોકમાનસમાં ઉતારવામાં જૈન સાધુસંસ્થાનો અસાધારણ ફાળો છે એની કોઇ ના પાડી શકે નહિ. જૈન પરંપરાએ અને બૌદ્ધ પરંપરાએ પેદા કરેલ અહિંસાનું વાતાવરણ મહાત્માજીને પ્રાપ્ત થયું ન હોત તો તેમનો અહિંસાનો આ પ્રયોગ શરૂ થાત કે નહિ, અને શરૂ થાત તો કેટલી હદ સુધી સફળ નીવડત એ એક વિચારણીય પ્રશ્ન છે. સાત વ્યસન છોડવવાનું કામ અવિચ્છિન્નપણે સાધુસંસ્થા ચલાવે જતી, એની અસર ઝનુની અને હિંસાપ્રકૃતિના આગંતુક મુસલમાનો પર પણ થયેલી છે, અને તે એટલી હદ સુધી કે ઘણાં અહિંસાનાં કાર્યોમાં હિંદુઓ સાથે અને જૈનો સાથે મુસલમાનો પણ ઉભા રહે છે. કેટલાંક મુસલમાની રાજ્યો અત્યારે પણ એવાં છે કે જ્યાં દયાની—ભૂતદયાની—લાગણી બહુ જ સુંદર છે. એટલે અત્યારની વર્તમાન સાધુસંસ્થાને તેમના પૂર્વજોએ બહુ જ કીંમતી ઉપજાઉ ભૂમિ સોંપી છે, અને શક્તિ હોય તો જેમાંથી ભારે પરિણામ નીપજાવી શકાય એવો મહત્ત્વનો અલભ્ય વારસો સોંપ્યો છે.

પણ આજ સુધી જેમ મળેલ વારસા ઉપર નભાતું અને સંતોષ માની લેવાતો તેમ હવે રહ્યું નથી. દેશવ્યાપી આંદોલન અને દેશવ્યાપી ફેરફારો શરૂ થાય, બંધાર મકાનોને બદલે નદીના અને સમુદ્રના તટો જ સભાનું સ્થાન લે એટલું લોકમાનસ વિશાળ બને, ત્યારે એ વારસાને વિકસાવ્યા સિવાય અથવા એનો નવી રીતે ઉપયોગ કર્યા સિવાય રહી શકાય જ નહિ. આજે સાધુસંસ્થા બાંધેલાં મકાનોમાં છે. તેમની પાસે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જનાર કુળધર્મી જૈનો જ હોય છે, જેમને જન્મથી જ માંસ, દારૂ તરફ તિરસ્કાર હોય છે. જે લોકો માંસ ખાય છે અને દારૂ છોડી શકતા નથી, તેવાઓ તો સાધુ પાસે આવતા નથી. દેશમાં પશુરક્ષાની આર્થિક દૃષ્ટિએ પણ માંસનો ત્યાગ કરાવવાની, અને કતલ થયેલ ઢોરનાં ચામડાં કે હાડકાંની ચીજોના વાપરના ત્યાગ કરાવવાની ભારે જરુર ઉભી થઈ છે. આર્થિક અને નૈતિક બન્ને દૃષ્ટિએ દારૂના ત્યાગની જરુર તો માંસના ત્યાગની પહેલાં પણ આવીને ઉભી થઈ છે. દેશની મહાસભા જેવી સંસ્થાઓ જેમ બીજા સંપ્રદાયના તેમ જૈન સંપ્રદાયના ધર્મગુરુઓને પણ આહ્વાન કરે છે અને કહે છે કે 'તમે તમારુ કામ સંભાળો. દારૂત્યાગ કરાવવા જેવી બાબતમાં તો અમારે વિચાર કરવાપણું હોય જ નહિ, એ તો તમારો જીવન વ્યવસાય હતો અને તમારા પૂર્વજોએ એ વિષે ઘણું કર્યું હતું. તમે સંખ્યામાં ઘણા છો. વખત, લાગવગ, અને ભાવના ઉપરાંત તમારું ત્યાગી જીવન એ કામ માટે પુરતાં સાધનો છે. એટલે તમે બીજું વધારે નહિ તો ફક્ત દારૂનિષેધનું કામ તો સંભાળી લ્યો.' આ મહાસભાની (આજ્ઞા કહો કે, આમંત્રણ કહો) ઘોષણા છે. આ ઘોષણાનો ઉત્તર જૈન સાધુસંસ્થા શો આપે છે એના ઉપર જ એના તેજનો અને એના જીવનનો આધાર છે.

ઘણા જૈન ભાઈ બહેનો અને ઘણીવાર સાધુઓ એમ કહે છે કે 'આજનું રાજ્ય જૈન ધર્મની સલામતી માટે રામરાજ્ય છે. બીજા પરદેશી આવનારાઓએ અને મુસલમાનોએ જૈન ધર્મને આઘાત પહોંચાડ્યો છે. પણ આ અંગ્રેજી રાજ્યથી તો જૈન ધર્મને આઘાત પહોંચ્યો નથી, ઉલટું તેને રક્ષણ મળ્યું છે.' લોકોની આ માન્યતા કેટલી ખરી છે એ જરા જોઈએ. જૈન સાધુઓની ખરી મિલ્કત, ખરી સંપત્તિ, અને ખરો વારસો તો એમના પૂર્વજોએ ભારે જહેમતથી તૈયાર કરેલું દારૂત્યાગનું વાતાવરણ એ જ હતો; અને એ જ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હોઇ શકે. અત્યારે માંસ અને અફીણ જેવી બીજી ત્યાજ્ય વસ્તુઓની બાબત ન લઈ માત્ર દારૂની જ બાબતમાં જોઇએ કે એના ત્યાગના હજારો વર્ષના વારસા ઉપર, આ રાજ્ય પછી શી અસર થઈ છે જો વિચાર કરતાં અને પુરાવાઓથી જૈન સાધુઓને એમ લાગે કે તેમનો જનતાગત દારૂત્યાગનો વારસો, આ રાજ્ય આવ્યા પછી નષ્ટ અને નાબુદ થવા લાગ્યો છે, તો પછી એમણે વિચારવું જોઇશે કે આપણે જે જૈનધર્મની સલામતી આ રાજ્યમાં માની રહ્યા છીએ તે સલામતી કયા અર્થમાં છે? મંદિરો અને મૂર્તિઓ ઉપર કુહાડાઓ ન પડે. ભંડારો ન લૂંટાય, પણ જો હજારો વર્ષથી જનતામાં પેદા કરેલું નૈતિક ધન જ નાશ પામે, (જેને માટે જ મંદિરો, મૂર્તિઓ અને ભંડારો હતા) તો આપણે શી રીતે કહી શકીએ કે આપણો ધર્મ—આપણો ધાર્મિક વારસો સલામત છે? કોઈ દુષ્ટ પુરુષ, કોઇ બાઈનાં ઘરેણાં, કીંમતી કપડાં અને તેના કોમળ અંગોને જરા પણ નુકસાન પહોંચાડ્યા સિવાય જો તેની પવિત્રતાનો નાશ કરે તો તે માણસના હાથમાં તે બાઈ સલામત રહી ગણાય કે જોખમાઈ ગણાય? બીજી રીતે પણ આ વસ્તુ સ્પષ્ટ સમજો. ધારો કે કોઈ પરાક્રમી અને ધૂર્ત માણસ તમને તમારું ધન લૂંટી લેતી વખતે એટલું પૂછે કે કાંતો તમે તમારા નૈતિક ગુણોમાં બરબાદ થાઓ એટલે મારી ઇચ્છા પ્રમાણે વર્તી તમે તમારું નૈતિક જીવન ભ્રષ્ટ કરો, અને કાંતો મંદિર મૂર્તિ અને ખજાનાઓ મને સોંપી દો અને નૈતિક જીવન તમારી ઇચ્છા પ્રમાણે ગાળો. જો આ એમાંથી એક જ માગણી પસંદ કરવા જેવી છેક જ લાચાર સ્થિતિ હોય તો તમો બધા જૈન ભાઈઓને પૂછી શકાય કે તમો મંદિર, મૂર્તિ અને ખજાનાઓ સોંપી દઈ નૈતિક જીવનની પવિત્રતા હાથમાં રાખો કે, એ જીવન એને સોંપી દઈ મંદિર મૂર્તિ અને ખજાનાઓ બચાવી રાખો? ખાસ કરીને આ પ્રશ્ન સાધુસંસ્થા સામે હોય તો તે શો ઉત્તર વાળશે? હું નથી ધારતો કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આજની છેક નિસ્તેજ સ્થિતિમાં પણ એક પણ જૈનસાધુ નૈતિક જીવનની પવિત્રતાને સર્વશ્રેષ્ઠ ન માનતો હોય. આપણા દેશના ઇતિહાસમાં એવા સેંકડો દાખલાઓ છે કે જેમાં બ્રાહ્મણોએ અને બીજાઓએ પોતાના પવિત્ર સંસ્કારો સાચવવા ખાતર બધી જ માલમિલ્કત અને ધર્મસ્થાન અને ખજાનાઓ પણ દુશ્મનોને સોંપ્યા છે. એમણે દીર્ઘ દૃષ્ટિથી જોયું કે જો શુદ્ધ સંસ્કારો કાયમ હશે તો બહારની વિભૂતિઓ કાલે આવીને ઉભી રહેશે, અને એ નહિ હોય તો પણ પવિત્ર જીવનની વિભૂતિથી કૃતાર્થ થઈશું. કાલિકાચાર્ય કોઇ સ્થૂલ માલમિલ્કત માટે નહોતા લડયા પણ એમની લડાઇ જીવનની પવિત્રતા માટે હતી. આજે જૈન સાધુઓનો ભારેમાં ભારે કીંમતી સપ્ત વ્યસનના ત્યાગનો વારસો જોખમમાં છે, એટલું જ નહિ પણ નાશના મુખમાં છે અને ખાસ કરીને રાજતંત્રને લીધે જ એ વારસો જોખમાયલો છે, એવી સ્થિતિમાં કોઈ પણ જૈન, ખાસ કરી સાધુગણ આ રાજ્યને ધાર્મિક સલામતીવાળું રાજ્ય કેમ જ માની શકે?

જો અત્યારના ધીમાન સાધુઓને એમ લાગે કે, ધાર્મિક સ્વતંત્રતાના મોહક બંધારણ નીચે ચાલતી એક દિવસના એક લાખ પશુઓની કતલ, અને ઘેરઘેર સરલતાથી પહોંચી શકે એવી દારૂની પરબો, અને એની સાથે સાથે વધેલા વેશ્યાવાડાઓની દ્વારા સુંદર જૈનધર્મના વારસાનો ચોમેર નાશ થઈ રહ્યો છે, તો પછી આજની સાધુસંસ્થાનો શો ઉપયોગ કરવો એ પ્રશ્નનો નિકાલ તેઓ કરી શકશે. જૈન સાધુઓને સપ્ત વ્યસનનો ત્યાગ કરાવવા જેટલું બીજું પ્રિય કામ નથી હોતું. એમની સામે આવનાર નાનકડા શ્રા વર્ગમાં આ પરત્વે કરવાપણું કશું જ નથી, એટલે તેમનું કર્તવ્યક્ષેત્ર કાંતો પીઠા પાસે અને કાંતો પીનારાઓના લત્તાઓમાં ઉભું થાય છે. આજે દારૂનિષેધની પ્રવૃત્તિમાં જે લોકો કામ કરે છે તે બધા કરતાં એ બાબતમાં સિદ્ધહસ્ત થયેલા જૈન સાધુઓ વધારે સારી રીતે કરી શકે એ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દેખીતું છે. અલબત્ત હવે માત્ર નરકનાં ચિત્રો બતાવીને કે શ્લોકો સંભળાવીને એ કામમાં વધારે સફળતા મેળવી નહિ શકાય. એમ સફળતા મેળવવાની સામગ્રી ઘણી નવી ઉભી થઈ છે. એ બધીને અભ્યાસ કરવાથી જૈન સાધુઓમાં જીવતું લોહી વહેશે, અને તેઓનાં ચહેરા તેજસ્વી બનશે.

કેટલાક કહેશે કે "સાધુઓ પાસે કોઈ આવે તો તેઓ સમજાવે, અથવા એવા સમજાવવા લાયક માણસોને તમે સાધુ પાસે પકડી લાવો તો સાધુઓ ખુશીથી અને છુટથી સમજાવે પણ સાધુઓ જે પોતાના શાંત ભુવનમાં જ કામ કરતા આવ્યા છે તેઓ પીઠે, પીનારાઓની વસ્તીઓમાં કે બીજે બહાર ક્યાં જાય, એ એમને ન શોભે અને ધર્મની હેલના પણ થાય." આ કહેનારે જૈન સાધુ-સંસ્થાનો ઇતિહાસ જાણ્યો જ નથી. ખરા પરાક્રમી અને શક્તિશાળી જૈનસાધુઓ તો રાજસભાઓમાં પહોંચ્યા છે, રાજમહેલોમાં ગયા છે, મોટામોટા સેનાધિપતિ અને બીજા અમલદારોને ઘરે, તથા લશ્કરોની છાવણીઓમાં ગયા છે, અને સેંકડો સાધુઓ વ્યસનગ્રસ્ત લોકોની વચ્ચે પહોંચ્યા છે, અને એમણે એમ કરીને જ પોતાનો ધર્મ વિસ્તાર્યો છે. શક્તિ ન હોવાનું, હિંમત ન હોવાનું કબુલવું એક વાત છે, અને એ નબળાઈને ધર્મનું અંગ માનવું એ બીજી વાત છે. એટલે અત્યારની હિલચાલમાં ઉભા થયેલાં બીજાં કેટલાય સાધુ–મર્યાદાયોગ્ય કર્તવ્યોને બાજુએ મૂકીએ તો પણ દારૂનિષેધની હિલચાલ એવી છે કે જે માટે પોતાના નૈતિક વારસાની દૃષ્ટિએ, સામાજિક ધર્મની દૃષ્ટિએ, દેશમાં જીવવા અને દેશનું લુણ ખાવાની દૃષ્ટિએ, અને છેવટે શુદ્ધ આધ્યાત્મિક દૃષ્ટિએ પણ જૈન સાધુસંસ્થાએ જાહેરમાં આવી દેશકાર્યમાં ફાળો આપવો જ જોઇએ.

કોઈ કહે છે કે 'આવાં લૌકિક કાર્યમાં જૈન સાધુઓ પડે તો એમનો આધ્યાત્મિક ઉદ્દેશ ન રહે.' આમ કહેનાર આધ્યાત્મિકતા શું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે એ સમજતો જ નથી. આધ્યાત્મિકતા એ કાંઈ એક મકાનમાં અથવા એક રૂઢિમાં અથવા એક ચોક્કસ બંધનમાં નથી હોતી, નથી રહી શકતી, ઉલટું ઘણીવાર તો ગુંગળાઇ જાય છે. જો આધ્યાત્મિકતા જીવનમાં હોય અથવા સાચે જ લાવવી હોય તો તેનો કોઇ પણ સાથે વિરોધ નથી. કુટુંબમાં રહીને, સમાજમાં રહીને અને રાજ્યવ્યવસ્થામાં ભાગ લઈને પણ આધ્યાત્મિકતા સાધી શકાય, પોષી શકાય, અને એ બધાથી છુટીને પણ ઘણીવાર ન જ સાધી શકાય. મૂળ વાત એ છે કે આધ્યાત્મિકતા એ અંદરની વસ્તુ છે, વિચાર અને ચારિત્રમાંથી આવે છે, જેનો બાહ્ય કોઈ વસ્તુ સાથે વિરોધ નથી. અલબત્ત આધ્યાત્મિક જીવનની કળા જાણવી જોઈએ અને એની કુંચી લાધવી જોઈએ. આપણે ઘણીવાર આધ્યાત્મિકતાને નામે પુરુષાર્થનો અને સત્પુરુષાર્થનો ઘાત કરીએ છીએ. સત્પુરુષાર્થ કરો એટલે આધ્યાત્મિકતા પાસે જ છે, વગર નોતરે ઉભી જ છે. લોકોને દારૂ પીતા છોડવવામાં, દારૂ વેચનારને તેમ કરતાં છોડવવામાં (અને તે પણ અહિંસા ને સત્યદ્વારા) સત્પુરુષાર્થ નહિ તો બીજું શું છે એનો જવાબ કોઇ આગમધર આપશે?

વળી અત્યારે છેલ્લાં ત્રીસ–ચાળીશ વર્ષનો સાધુસંસ્થાનો ઈતિહાસ આપણને શું કહે છે? તેમની આધ્યાત્મિકતાનો પૂરાવો તેમાંથી કેટલો મળે છે? છેલ્લા દશ વર્ષને જ લ્યો. જો પક્ષાપક્ષી, કોર્ટબાજી, ગાળગલોચ અને બીજી સંકુચિતતાઓને આધ્યાત્મિકતાનું પરિણામ માનીએ તો તો અનિચ્છાએ પણ કબુલવું પડશે કે સાધુસંસ્થામાં આધ્યાત્મિકતા છે અથવા વધતી જાય છે. એકબાજુ દેશહિતના કાર્યમાં કશો જ ફાળો નહિ, અને બીજીબાજુ આધ્યાત્મિક પ્રવૃત્તિ પણ નહિ એમ બન્ને રીતે દેવાળું કાઢીને કોઇ પણ ત્યાગી સંસ્થા માનભેર ટકી શકે નહિ. એટલે આવી હજારો વર્ષની મહત્ત્વની અને શક્તિસંપન્ન સાધુસંસ્થાને પોતાનું અસ્તિત્વ ટકાવી રાખવા ખાતર, અને લોકોમાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

માનભેર રહેવા ખાતર પણ આજની ચાલુ પ્રવૃત્તિમાં પોતાનો વિશેષ ઉપયોગ વિચારે જ છુટકો છે.

કેટલાંક એવાં બીજાં પણ દેશની દૃષ્ટિએ મહત્ત્વનાં અને સાધુઓ માટે સહેલાં કામો છે કે જેને ત્યાગી ગણ અનાયાસે કરી શકે. દા. ત. (૧) વકીલો અને બીજા અમલદારો જે સરકારી તંત્રના અન્યાયનું પોષણ કરી રહ્યા હોય તેમને એ બાબતમાં સમજાવી એમાંથી ભાગ લેતા અટકાવવા. (૨) પોલિસો અને સિપાઇઓ જેઓ આ દેશનું ધન છે, આ દેશના છે અને આ દેશમાં જ રહેવાના છે તેઓ ફક્ત નજીવી નોકરી માટે અન્યાય ન કરે, જુઠું ન બોલે, ખુશામત ન કરે, ડરે નહિ અને દેશની સામાન્ય જનતાથી પોતાને અળગા ન માને. એવી નિર્દોષ વસ્તુ પ્રેમ અને સત્યથી તેમને સમજાવવી. (૩) કેળવણીનો સાર્વત્રિક પ્રચાર કરવામાં જે ત્યાગી સ્વયંસેવકોની અપેક્ષા રહે છે તે પૂરી પાડવી. આ સિવાય બીજાં પણ હિતકારી કામો છે, પરંતુ જો સાધુસંસ્થા એક બાબતમાં સક્રિય થશે તો બીજાં કાર્યો અને ક્ષેત્રો એમને આપોઆપ સુઝી આવશે અને મળી આવશે.

જો અત્યારની વ્યાપક હિલચાલમાં જૈનસાધુઓ સ્થિરતા અને બુદ્ધિપૂર્વક પોતાનું સ્થાન વિચારી લે, પોતાનો કાર્યપ્રદેશ આંકી લે, તો સહેજે મળેલ આ તકનો લાભ ઉઠાવવા સાથે તેમના જીવનમાંથી ક્ષુદ્રતાઓ ચાલી જાય, કલહો વિરમે અને નજીવી બાબત પાછળ ખર્ચાતી અપાર શક્તિ અને ફુંકાતો લાખોનો ધુમાડો અટકે અને એટલું તો દેશનું કલ્યાણ થાય, જેમાં જૈનસમાજનું કલ્યાણ તો પહેલું જ રહેલું છે.

ઉપરનાં કર્તવ્યો કેવળ જૈનસમાજની દૃષ્ટિથી પણ વિચારવા અને કરવા લાયક છે. એટલે થોડી શક્તિવાળા ત્યાગીઓ એ જ કાર્યોને નાના ક્ષેત્રમાં પણ કરી શકે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જો કે ખાસ પજુસણનો પ્રસંગ હોઈ અને તેમાં પણ હાજર થયેલ જનતા મોટે ભાગે શ્વેતાંબર હોઇ મેં, સાધુશબ્દ વાપરેલો છે, કે જે જૈનસમાજ સાથે જ મુખ્ય સંબંધ ધરાવતો હોય તેમ સ્થૂળ રીતે લાગશે. પણ આ મારું કથન મર્યાદિત ક્ષેત્રપરત્વે હોવા છતાં બધા જ સંપ્રદાયના અને બધી જ જાતના ત્યાગીઓ માટે છે. ખાસ કરીને દિગંબર સમાજ કે જે જૈનસમાજનો એક વગદાર ભાગ છે તે તો મારા લક્ષ બહાર નથી જ, એ સમાજમાં આજે સાધુસંસ્થા શ્વેતાંબર સમાજ જેવી નથી. હમણાં હમણાં જે પાંચ પચીસ દિગંબર સાધુઓ થયા છે, તેને બાદ કરીએ તો તે સમાજમાં સાધુસંસ્થાનો ઘણી સદીઓ થયાં અંત જ આવેલો છે. તેમ છતાં એ સમાજમાં સાધુસંસ્થાની જગ્યા ભટ્ટારકો, એલકો અને બ્રહ્મચારી તેમજ પંડિતોએ લીધેલી છે. એટલે એ બધાંને લક્ષીને પણ આ કથન છે. કારણ કે શ્વેતાંબર સમાજના થંભ મનાતા સાધુઓની પેઠે જ, દિગંબર સમાજમાં ભટ્ટારક, પંડિત વગેરેનો વર્ગ થંભરૂપ મનાય છે. અને એ પણ લગભગ સમાજ તેમજ રાષ્ટ્રની દૃષ્ટિએ પક્ષાઘાતગ્રસ્ત થઈ ગએલો છે. શ્વેતાંબર હો કે દિગંબર, જેઓ પોતાને ધાર્મિક નહિ તો ઓછામાં ઓછું ધર્મપંથ-ગામી ગુરુ અથવા ગુરુ જેવા માને છે અને બીજા પાસે મનાવે છે, તે જો વર્તમાન આંદોલનમાં પોતાનું સ્થાન વિચારી, અંદરોઅંદરના ઝઘડાઓ નહિ છોડે, નજીવી બાબતને મહત્ત્વ આપતાં નહિ અટકે, અને સ્થૂળ ચિહ્નોમાં તેમ જ બહારની વસ્તુઓમાં ધર્મ સમાયાની નાશકારક ભ્રમણામાંથી નહિ છુટે તો બુદ્ધની ભાષામાં સમજવું જોઈએ કે તેઓ ભગવાન મહાવીરના ધમ્મદાયાદ એટલે ધર્મવારસાના ભાગીદાર નથી, પણ આમીષદાયદ એટલે ધર્મનિમિત્તે મળી શકે એટલા ભોગના ભોગવનારાઓ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છેવટે દેશની મહેનત મજૂરી અને ભકિત ઉપર જીવતા પચાસ લાખ જેટલા બાવા ફકીરો, અને સંતોને પણ જરા કહી દઈએ. મહાસભા લાખો ગમે સ્વયંસેવકો માગે છે. સ્વયંસેવક વધારે સહનશીલ, ત્યાગી અને બીનવ્યસની તેમ જ કુટુંબકબીલાની ફિકર વીનાનો હોવો જોઇએ. આ ગુણો એ ત્યાગી વર્ગમાં વધારે હોવાની ઉમેદ રહે રહે છે. જનતા એટલે તેમનો ભક્તગણ દુઃખી છે અને દરિદ્ર છે. તે ગુરુઓ પાસે આ ભીડના વખતમાં મદદ માગે છે. અત્યારે એ ગુરુવર્ગ જો સ્વયંસેવકની શાંત અને સુખી ગાદીઓ છોડી દે તો જ તેમની ગાદીઓનો સલામતી છે. તેમનું તપ અને તેમનો ત્યાગ હવે તેમના મઠોમાં કચરાઈ ગયો છે, નાશ પામ્યો છે, હવે તો એ તપ, એ ત્યાગ જેલમાં જ અને મહાસભાના નિયંત્રિત રાજ્યમાં જ જીવી શકે તેમ છે. એ વાત આ વિશાળકાય યુગધર્મમાંથી તેમણે શીખી લેવી ઘટે. પોતાના ધર્મનું વામનરૂપ બદલી, તેમણે વ્યાપક રૂપ કરવું જ જોઇએ; નહિ તો એ વામનપણું પણ મરણને શરણ છે.

તા. ૨૪–૮–૩૦ સુખલાલ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org